# ઉદેપુર દૂધ મંડળીના ચેરમેન-વાઈસ ચેરમેનની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ધનસુરા તાલુકાની ઉદેપુર દૂધ મંડળીની કારોબારી બેઠક તાજેતરમાં યોજાઈ ગઈ જેમાં ચેરમેન હાર્દિકકુમાર વિઠ્ઠલભાઈ પટેલ, વાઈસ ચેરમેન ગીરીશભાઈ કેશાભાઈ પ્રજાપતિની સર્વાનુમતે વરણી



કરવામાં આવી હતી. જયારે કમીટી સભ્યમાં દિલીપભાઈ શંકરભાઈ પાટેલ, ગીરીશભાઈ કોદરભાઈ પાટેલ, ગીરીશભાઈ ધર્માભાઈ પટેલ, શંકરભાઈ હીરાભાઈ પટેલ, આનંદીબેન મંગળભાઈ પટેલ, લક્ષ્મીબેન દિનેશભાઈ પ્રજાપતિ, નિલેષગીરી કાળુગીરી ગોસ્વામી, રમેશભાઈ ડાહ્યાભાઈ વાળંદ, અમરાજી શનાજી પરમારની નિયુક્તિ થઈ હતી. ચેરમેન-વાઈસ ચેરમેન તથા તમામ હોદ્દેદારોને આકરૂન્દ દૂધ મંડળીના ચેરમેન જતિનભાઈ પી. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# સોનીકપુરમાં ઘરનો સામાન બદલવામાં પાસપોર્ટ ગુમ

### વેપારીએ પોલીસને જાણ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

માલપુર તાલુકાના સોનીકપુરમાં જૂના ઘરમાંથી નવા ઘરમાં પ્રવેશ સમયે સરસામાન બદલવામાં ઈમ્પોર્ટ એક્સપોર્ટના વ્યવસાયી કુમુદચંદ્ર ડાહ્યાલાલ પટેલનો પાસપોર્ટ ગુમ થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે માલપુર પોલીસે જાણવા જોગ નોંધ લઈ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના સોનીકપુર ગામના કુમુદચંદ્ર પટેલ અમદાવાદમાં ઈમ્પોર્ટ એક્સપોર્ટનો વર્ષોથી વ્યવસાય કરી રહ્યા છે. માદરે વતનમાં તેમના જૂના મકાનમાંથી ઘરનો સરસામાન નવા મકાનમાં ખસેડવામાં આવતો હતો જે સમયે ઈમ્પોર્ટ એક્સપોર્ટના વ્યવસાયનો પાસપોર્ટ ગુમ થઈ ગયો હતો. પટેલ પરિવારે પાસપોર્ટની શોધવા છતાં અન્ય સરસામાનમાંથી મળી આવ્યો નથી જેથી માલપુર પોલીસને જાણ કરવામાં આવી છે.

# બચપન બચાવો સંસ્થાએ બાળ મજદૂર અધિકારીઓની પોલ ખોલી

### બાળમજૂરીનું દૂષણ : ખેડબ્રહ્માની સીડ્સ કંપનીમાંથી ૬૪ બાળમજૂરો મુક્ત : બાળકોની કમાણી ઓળવી જતા ૪ આરોપીઓ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસે તપાસ આરંભી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠા જિલ્લામાં બાળમજૂરીનું દૂષણ ફૂલ્યું ફાલ્યું છે પરંતુ ભ્રષ્ટ વિભાગને દેખાતું નથી



ત્યારે બચપન બચાવો આંદોલન સ્ટેટ કમીટીના કો.ઓર્ડીનેટરોએ જિલ્લા બાળ મજદૂર વિભાગની પોલ ખોલી નાખતાં અધિકારીઓને સાથે રાખી ખેડબ્રહ્માની શ્રીરામ સીડ્સ અને સાબર સીડ્સમાંથી ૬૪ બાળમજૂરોને છોડાવી બાળમજૂરી કરાવતા ૪ આરોપીઓ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ-૩૪૪, ૩૭૪ તથા જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ-૭૯ તથા બાળ અને કિશોર મજૂર કાયદો ૧૯૮૬ની કલમ-૩એ.૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરકાર દ્વારા બાળમજૂરીના દૂષણ ડામવા માટે અનેક પ્રયાસો થઈ રહ્યા છે તેમ છતાં વિભાગમાં ખાટલે ખોડ હોય તેમ માત્ર કાગળ ઉપર વર્ષના ૨-૪ કેસ દેખાડી અધિકારીઓ આરામ ફરમાવતા હોય છે. સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦૦ થી વધુ બાળમજૂરો પાસે વેઠ કરાવતી હોવાના લાંબા સમયથી આરોપ લાગેલા છે તેમ છતાં બાળ મજદૂર અધિકારી ગુપ્ત ફરિયાદને પૈસા કમાવવાનું સાધન બનાવી તપાસના નામે અત્યાર સુધી વિંટો વાળતા આવ્યા હોવાના આક્ષેપ પણ થયેલા છે ત્યારે અમદાવાદ સ્થિત બચપન બચાવો આંદોલન સ્ટેટ કમીટીના દામીની વિજય પટેલ અને શીતલ સંજીવ પ્રદીપને બાતમી મળી હતી કે ખેડબ્રહ્માના વાસણા અને ગાડું ગામની સીમમાં આવેલ સીડ્સ કંપનીમાં સગીર બાળકોને દેખીતી રીતે કામે રાખી અને રોજગારના હેતુ માટે બંધનમાં રાખી બાળકની કમાણીને પોતાના હેતુ માટે રોકી બાળમજૂરી કરાવી રહ્યા છે જેથી વિભાગના જિલ્લાના અધિકારીઓને સાથે રાખી તપાસ હાથ ધરતાં બાળમજૂરીનો પર્દાફાશ થયો છે. બે અલગ અલગ નોંધાયેલી ફરિયાદમાં ૪ આરોપીઓ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પી.એસ.આઈ., વી.બી.પટેલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**આરોપી..**
**મનોજકુમાર દલાભાઈ પરમાર, રહે.મઠભોજાયત, તા.વડાલી**
**છગનભાઈ કોદરભાઈ સોલંકી, રહે.રાધીવાડ, તા.ખેડબ્રહ્મા**
**શાંતિભાઈ સૂકાજી ડામોર, રહે.અંબાસ, રાજસ્થાન**
**દેવાલાલ હોમાજી ડામોર, રહે.વેરાઠી, રાજસ્થાન**

# રૂવચ ગામનું ગૌરવ

બાયડ, તા.૦૫

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર આર્ટસ કોલેજના ગ્રંથપાલ દિનેશભાઈ માધાભાઈ પટેલે ગુજરાત વિશ્વ વિદ્યાલય-અમદાવાદ સાંલગ્ના મહાવિદ્યાલયોના ગ્રંથપાલોનો કાર્ય સંતોષ એક અભ્યાસ વિષય પાર ડૉ.બી.કે.ચૌધરી, લાયબ્રેરીયન શ્રીમતી આર. એમ. પ્રજાપતિ, આર્ટસ કોલેજ-સતલાસણાના માર્ગદર્શન હેઠળ




ઉત્તર ગુજરાત યુનિ.માંથી પી.એચ.ડી.ની પદવી મેળવી બારગામ આંજણા ચૌધરી સમાજ અને રૂવચ ગામનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

### કેન્સરનો ભરડો

# જિલ્લામાં ૭૦૦થી વધુ લોકોમાં કેન્સરનાં લક્ષણો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

તા.૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વ કેન્સર દિવસ ઉજવાઈ ગયો. આ વર્ષે કોરોનાના સંક્રમણમાં કેન્સર દિવસની ફિક્કી ઉજવણી જોવા મળી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આરોગ્ય તંત્ર સાચા અર્થમાં સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ કેન્સરનો ભરડો વધ્યો છે. મહિલાઓમાં સ્તન કેન્સર તેમજ પુરૂષોમાં મોં, સરવાઈકલ તેમજ અન્ય કેન્સરનાં લક્ષણો વધુ પ્રમાણમાં જોવા મળ્યાં. આરોગ્ય વિભાગના નોન ક્રોમીનીકેબલ ડીસીસ સેલનું સાચુ માનીએ તો બંન્ને જિલ્લામાં હાલ ૭૨૫ લોકોમાં કેન્સરનાં લક્ષણો જોવા મળ્યાં છે. શંકાસ્પદ કેન્સરના કિસ્સાઓમાં એન.સી.ડી. સેલને ૧ વર્ષ પછી તંત્રને સાચી સ્થિતિની વિગત મળતી હોવાથી જિલ્લામાં કેન્સરની સ્થિતિ અંદરખાને ચિંતાજનક ઘણી શકાય.

**મહિલાઓમાં સ્તન, પુરૂષોમાં સરવાઈકલ કેન્સરનું જોખમ વધ્યું : કોરોના સંક્રમણમાં કેન્સર દિવસની ફિક્કી ઉજવણી**

વિશ્વભરમાં હાલમાં કોરોનાના સંક્રમણે હાહાકાર મચાવ્યો છે જેથી સૌથી વધુ ભયાનક ગણાતા કેન્સરનો રોગ જાણે કે હોંશિયામાં મૂકાઈ ગયો છે. કોરોનાના કહેરમાં સામાજીક પ્રસંગોની ઉજવણીઓ ઉપર રોક આવે તે તો ઠીક પરંતુ દર વર્ષે ઉજવાતા વૈશ્વિક દિવસો પણ કોરોનાના કારણે ફિક્કા જણાય છે. ગુરૂવારે સમગ્ર વિશ્વમાં કેન્સર દિવસની ઉજવણી થઈ જેમાં લોકોમાં કેન્સર અંગે જાગૃતતા આવે અને કેન્સરથી બચવા માટે વ્યસનોથી દૂર રહેવા માટેની પરંપરાગત સલાહો આપવામાં આવી. જિલ્લામાં કોરોનાના સંક્રમણમાં કેન્સર દિવસની ફિક્કી ઉજવણી વચ્ચે બંન્ને જિલ્લામાં કેન્સરનો સકંજો વધુ મજબુત બન્યો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. આરોગ્ય વિભાગના એન.સી.ડી. વિભાગ પાસે કેન્સરને લગતા દર્દીઓની વિગતો આવતી હોય છે પરંતુ ૧ વર્ષના અંતે શંકાસ્પદ દર્દીમાં કેન્સર છે કે કેમ..?? તેની જાણકારીનો રિપોર્ટ વર્ષના અંતે આવતો હોય છે જેથી જિલ્લામાં કેન્સરના દર્દીઓનો સાચો આંક કહેવો મુશ્કેલ છે. આરોગ્ય વિભાગના એન.સી.ડી. વિભાગનું માનીએ તો જિલ્લામાં હાલ સાબરકાંઠામાં ૫૭૮ અને અરવલ્લી જિલ્લામાં ૧૪૭ શંકાસ્પદ કેન્સરના દર્દીઓ નોંધાયા છે. જિલ્લામાં જે રીતે કોરોના સંક્રમિતોના આંકડા છૂપાવવાનો તંત્ર પ્રયાસ કરે છે તે રીતે વર્ષોથી કેન્સરના સાચા આંકડા જાહેર કરવામાં પણ શતરંજ રમાતી હોવાના આક્ષેપ ઉઠ્યા છે.

# બે પ્રાણીઓ વચ્ચેની ઈનફાઈટમાં શિયાળ ઘાયલ થતા વનવિભાગ તંત્રમાં દોડધામ

### શામળાજી નજીક ખેતરમાંથી ઈજાગ્રસ્ત શિયાળને સારવાર અપાઈ

મોડાસા, તા. ૫

જંગલમાં પ્રાણીઓ તેમના વિસ્તારમાં વર્ચસ્વ જમાવાવ કે પછી ખોરાક માટે પ્રાણીઓ વચ્ચે ઈનફાઈટ થતી હોવાના અને ઈન્ફાઈટમાં પ્રાણી ઈજાગ્રસ્ત થવાના બનાવો છાસવારે બનતા રહે છે અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં વસવાટ કરતા પ્રાણીઓમાં ઈનફાઈટની ઘટના જવલ્લેજ બનતી હોય છે ત્યારે શામળાજી નજીક ઈનફાઈટમાં ઈજાગ્રસ્ત બનેલ શિયાળ ખેતરમાં ઈજાગ્રસ્ત હાલતમાં પડેલું ખેડૂતના ધ્યાને આવતા શામળાજી વનવિભાગ તંત્રને જાણ કરતા તાબડતોડ વનવિભાગના કર્મચારીઓ દોડી આવ્યા હતા શિયાળનું રેસ્ક્યુ કરી ભિલોડા પશુ દવાખાનામાં સારવાર અર્થે ખેસેડી સારવાર અપાયા બાદ પુનઃ જંગલમાં છોડી દીધું હતું.



શામળાજી નજીક અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં હિંસક દીપડા સહીત અન્ય જંગલી પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરતા હોય છે શામળાજી નજીક આવેલ અણસોલ ગામની સીમમાં ખેતરમાં ઈજાગ્રસ્ત હાલતમાં શિયાળ પડેલું જોવા મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ખેતર માલિકે શામળાજી વનવિભાગને જાણ કરતા વનકર્મીઓ ઘટનાસ્થળે પહોંચી ઘાયલ શિયાળને ભિલોડા પશુ દવાખાને ખસેડાતા પશુચિકિત્સકે સારવાર આપતા શિયાળ ભયગ્રસ્ત બનતા તેને પૂનઃ જંગલમાં છોડી દીધું હતું

શામળાજી નજીક ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલ શિયાળ અંગે શામળાજી વનવિભાગના અધિકારીનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેમને શિયાળનું ખોરાક માટે બે પ્રાણીઓ વચ્ચે ઈન્ફાઈટમાં શિયાળ ઈજાગ્રસ્ત બન્યું હોવાનું જણાવ્યું હતું અને શિયાળને સારવાર અપાયા બાદ પરત જંગલમાં છોડી દીધું હોવાનું જણાવ્યું હતું.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેરા બાકીદારો સામે લાલ આંખ કરી

### એપ્રોચરોડ ઉપર આવેલ દુકાનોને સીલ મારવામાં આવ્યા : દુકાનોના વેરા બાકી હોવાથી દુકાનો ને સીલ મારવામાં આવ્યા : અન્ય વેરા બાકી દારોમા ફફડાટ જોવા મલ્યો

પ્રાંતિજ તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આજે વેરા બાકી દારો સામે લાલ આંખ કરાતા અન્ય વેરા બાકીદારોમાં ફફડાટ જોવા મલ્યો હતો તો, પ્રાંતિજ નગરપાલિકા દ્વારા એપ્રોચરોડ ઉપર આવેલ આવેલ વિવિધ કોમ્પલેક્ષ માં ૧૩



જેટલી દુકાનોને સીલ માર્યું હતું.

પ્રાંતિજ નગરપાલિકા છેલ્લામાં છેલ્લા કેટલાય વર્ષોથી અને છેલ્લા એક બે વર્ષ થી દુકાનોના વેરા ના ભરેલા હોય તેવા દુકાન દારો વેરા બાકી દારો સામે આજે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા તથા નગરપાલિકાના મુખ્ય અધિકારી ઉર્મિલા બેન સુમેસરા દ્વારા લાલ આંખ કરવામાં આવી હતી જેમાં એપ્રોચરોડ ઉપર આવેલ નિર્માણ કોમ્પલેક્ષ માં-૪ દુકાનો , યુનિક કોમ્પલેક્ષ માં- ૧ દુકાન અને શિવાલીકા પ્યાઝામા-૭ દુકાનો સહિત કુલ-૧૩ જેટલી વિવિધ કોમ્પલેક્ષ મા આવેલ દુકાનોને સીલ મારવામાં આવ્યું હતું તો નગરપાલિકાના કર્મચારીઓ સીલીંગ ની કામગીરી માં જોડાયા હતા જેમાં જતીનભાઈ જોશી, ગુણવંતભાઈ, કેતનભાઈ રાવલ, પિયકભાઈ પટેલ, ચિરાગભાઈ સહિત જોડાઈને સીલીંગ ની કામગીરી હાથધરી હતી તો દુકાનો ને સીલ મારવામાં આવતા અન્ય વેરા બાકીદારો માં ફફડાટ જોવા મલ્યો હતો.

# તખતગઢ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેકશીનેશન યોજાયું



પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તખતગઢ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, મંત્રી સહિત શિક્ષકો દ્વારા કોરોના રસી લેવામાં આવી.

પ્રાંતિજ તાલુકાના તખતગઢ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના રસીકરણ કાર્યક્રમ યોજાયો. જેમાં કોરોના વોરિયર્સને રસીકરણ કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ગીરીશભાઈ એન. પટેલ, મયંકભાઈ પટેલ તથા વિષ્ણુભાઈ પટેલ, પ્રાંતીજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના સહમંત્રી ધવલભાઈ જે. પટેલ સહિતના શિક્ષકોએ કોરોનાની રસી લીધી હતી તો સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ગીરીશભાઈ પટેલ દ્વારા રસી લઈ અન્ય કર્મચારીઓને પણ રસી લેવા માટે અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે રસી બિલકુલ સુરક્ષિત છે અને કોઈપણ જાતની બીક વગર રસી લેવી જોઈએ તથા ખોટી અફવાઓ પર ધ્યાન આપવું નહી.

**સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ગીરીશભાઈ પટેલ રસી લીધી : અન્ય શિક્ષક મિત્રોને રસી લેવા અનુરોધ કર્યો હતો : રસી બિલકુલ સુરક્ષિત છે અફવાઓ પર ધ્યાનના આપવા જણાવ્યું**

### શિક્ષકોના પડતર પ્રશ્નોને લઈને મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે

# જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘને પત્ર લખી કરી રજૂઆત

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘે પ્રાથમીક શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નોને લઈને રાજ્ય સરકારમાં રજુઆત કરવા માટે જીલ્લા પ્રાથમીક શિક્ષક સંઘને પત્ર લખી ઝડપથી ઉકેલ લાવવામાં આવેની માંગ કરી છે રાજયમાં ફરજ બજાવતા પ્રાથમીક શિક્ષકોના વણઉકેલ્યા પ્રશ્નો સામે રાજ્ય સરકાર આંખ આડા કાન કરી રહી હોવાનું પ્રાથમીક શિક્ષકો અહેસાસ અનુભવી રહ્યા છે.

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ અને મહામંત્રીને ઉલ્લેખીને એક પત્ર લખી રાજ્ય સરકારમાં પ્રાથમિક શિક્ષકોના મુખ્યત્વે ૬ જેટલા પડત પ્રશ્નોનું નિરાકરણ લાવવા સરકારમાં રજૂઆત કરવા માંગ કરી છે જેમાં ધોરણ ૧ થી ૫માં ત્રણ શિક્ષકો સમાવવામાં આવે,વિકલ્પ આપવામાં આવે તેમજ પગાર ધોરણ અને પેન્શન રિવાઈઝ કરવાની પૂર્ણ કરવામાં આવે ATD અને CP.Ed. ના શિક્ષકોને ૬ થી ૮માં વિકલ્પ આપવામાં આવે,વધમાં તાલુકા બહાર બદલી થયેલ શિક્ષકોને મૂળ તાલુકા અને મૂળ શાળામાં પરત લાવવામાં આવે તેમજ સાબરકાંઠામાંથી નવનિર્મીત થયેલ અરવલ્લી જીલ્લામાં પ્રાથમીક શિક્ષકોનું જીપીએફ ટ્રાન્સફર કરવામાં આવેની માંગ કરી છે.

# પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે ટ્રક ચાલક ટકકર મારી ટ્રક લઈને ભાંગી જતાં ટ્રક ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર રોડ કોસ કરતા આધેડ ને ટ્રક ચાલકે પાછળથી ટકકર મારી શરીરે ઈજાઓ પહોચાડીને હાથે ફેક્ચર કરી નાસી જતા પુત્ર દ્વારા ટ્રક ચાલક વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં પોલીસ ફરિયાદ કરી .

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર સાજના સમયે ફરીયાદી દર્શનભાઈ ના પિતા જગદીશભાઈ વાપરાણી કે જેવો રોડ કોસ કરતા હતાં તે સમયે આરોપી ટ્રક ચાલક GJ02 XX 2436 ના ચાલકે પોતાના કબજાની ટ્રક પુર ઝડપે અને ગફલતભરી રીતે ફુલ ફાસ્ટ રીતે હંકારી લાવીને ફરીયાદી દર્શનભાઈ ના પિતા જગદીશભાઈ વાપરાણી કે જેવો રોડ કોસ કરતા હતાં તે સમયે પાછળથી ટકકર મારી શરીરે ઈજાઓ પોહચીડી તથા ડાબા હાથે ફેક્ચર કરી પોતાની ટ્રક લઈને નાસી ગયો હતો તો ઈજાગ્રસ્ત જગદીશભાઈ ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ અને વધુ સારવાર અર્થે હિંમતનગર અને ત્યાંથી ગાંધીનગર ખાતે અને ત્યાંથીવધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે આવેલ સુશ્રશા હોસ્પિટલ માં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં પુત્ર દર્શન ભાઈ ની ફરિયાદ ના આધારે પ્રાંતિજ પોલીસે ટ્રક નંબર-GJ02XX2436 ના ચાલક વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરી છે .

# વાત્રક નજીક માર્ગ અકસ્માતમાં દસ જીંદગી હોમાયા પછી તંત્રએ બમ્પ બનાવ્યા

### બમ્પ અતિજોખમી હોવાથી અનેક વાહન ચાલકો રોડ પર પટકાવવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ તાલુકાના અકસ્માત ઝોન તરીકે કુખ્યાત થયેલા વાત્રક કોલેજ નજીકના વળાંકમાં માર્ગ અકસ્માતમાં ૧૦ થી વધુ જીંદગી હોમાયા પછી તંત્રએ બે બમ્પ તૈયાર કર્યા છે પરંતુ બમ્પ અતિ જોખમી અને જીબ્રા ક્રોસિંગ કર્યુ ન હોવાથી અનેક નાના વાહન ચાલકો રોડ ઉપર પટકાઈ મોતને ભેટે તેવી દહેશત સેવાય છે.

બાયડ-ધનસુરા-મોડાસા હાઈવેનું નવીનીકરણ થયા પછી વાહન ચાલકો પૂરપાટ ઝડપે નાના-મોટા વાહનો હંકારે છે જેના કારણે કેટલાક નિર્દોષ નાના વાહન ચાલકો વાહનની ટક્કરે મોતને ભેટે છે. વાત્રક હોસ્પિટલ નજીક વળાંકમાં પાછલા ૩ વર્ષમાં જ ૧૦ થી વધુ લોકો મોતને ભેટ્યા છે અને ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા છે તે પૈકીના કેટલાક કાયમી અપંગ બની ગયા છે. સરકાર દ્વારા વાત્રકમાં બાયડ સરકારી વિનયન કોલેજ શરૂ થઈ છે જેથી કોલેજમાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. પરંતુ કોલેજ નજીકનો માર્ગ અકસ્માત ઝોન બની ગયો છે. દર સપ્તાહે એકાદ-બે નાના અકસ્માત સર્જાય છે. તાજેતરમાં જ ૩ બાઈકો ધડાકાભેર ટકરાયા પછી એક યુવાનનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું, ૩ જણને ઘાયલ અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જેના કારણે સ્થાનિકો સહિત વાહન ચાલકોમાં રોષ સામે આવ્યો. હરકતમાં આવેલા તંત્રએ તાબડતોબ બમ્પ બનાવી દીધા પરંતુ આયોજન વગર બમ્પ બનાવતાં માર્ગ અકસ્માતનું પ્રમાણ



ઘટવાના બદલે વધે તેવી આશંકા અનેક વાહન ચાલકોએ વ્યક્ત કરી છે. માર્ગ સલામતી સપ્તાહમાં પણ જિલ્લામાં અકસ્માતોની પરંપરા ઘટવાના બદલે વધી છે ત્યારે તંત્રએ ઓવર સ્પીડમાં દોડતા વાહન ચાલકોને ઝડપી લેવા માટે સ્પીડ ગન વસાવી છે તેને કાટ આવી જાય તે અગાઉ તેનો ઉપયોગ કરવો જોઈએ જેથી અનેક નિર્દોષ જીંદગીઓને મોતના મુખમાં ધકેલાતી અટકાવી શકાય.